પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૨૭ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૫-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપમાં જવાનો કોઈ નિર્ણય લીધો નથી, ગુજરાતમાં કોંગ્રેસની અંદર જાતિ વાદની રાજનીતિ છે : હાર્દિક પટેલ



અમદાવાદ,

કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધા બાદ પાટીદાર નેતા હાર્દિક પટેલે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે હજી તેણે એ નિર્ણય કર્યો નથી તે ક્યા પક્ષમાં જોડાશે. હાલમાં તેનો ભાજપમાં જોડાવાનો કોઈ નિર્ણય લીધો નથી. હાર્દિકએ આજે પહેલી વખત તેના મનની વાત મોકળા મને કરી હતી

હાર્દિકે વધુ વાત કરતા કહ્યું હતું કે ગુજરાતમાં ૧૦ ટકા અનામત યોજનાનો લાભ ગુજરાતીઓને મળ્યો છે. હાલ કોઈ પાર્ટીમાં જવાનો નિર્ણય કર્યો નથી.તેમણે એમ કહ્યું હતું કે, કોઈ કોંગ્રેસ છોડીને જાય છે ત્યારે તે વેચાઈ ગયો કે ડરી ગયો તેમ કહેવાય છે પણ આટલી મોટી સંખ્યામાં લોકો પાર્ટી છોડીને ગયા છે ત્યારે તમારે તમારી જાત પર મનન કરવાની જરૂર છે. કોંગ્રેસે ગુજરાતમાં કામના લોકોને ઉપયોગ જ કર્યો છે અને સમય આવે ત્યારે તેને ઉપયોગ કરી ફેકી દેવાયા હતા. ગુજરાતમાં કોંગ્રેસમાં જેટલા મજબુત નેતા આવ્યા તેની સાથે આવું જ થયું છે. જ્યારે સાચી વાત કરવાની કોશિશ કરી ત્યારે અમને બદનામ કરવાનું કામ કરવામાં આવતું હતું.

હાર્દિકે જણાવ્યું કે મેં ગઈ કાલે રાજીનામું આપ્યું ત્યારે કોઈએ સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી હતી કે પાટીદાર યુવાનોના મોતને ભુલીને શું હાર્દિક ભાજપમાં જશે? તો આવા લોકોને હું કહેવા માગું છું કે મે કોંગ્રેસમાંથી રાજુનામુ આપ્યું છે તેનો અર્થ એ નથી કે હું ભાજપમાં જાઉં છું. મે ભાજપમાં જોડાવાનો કોઇ નિર્ણય લીધો નથી. અને જ્યારે નિર્ણય લઈશ ત્યારે ગર્વ પૂર્વક લઈશ. પરંતુ હાલ કોઈ નિર્ણય કર્યો નથી. કોંગ્રેસમાં જે સપનાઓ સાથે જોડાયો હતો તે કામ કરવા માટેના સપના હતા. વર્ષ ૨૦૧૫ અન ૨૦૧૭માં તાલુકા અને જિલ્લા કક્ષાએ કોંગ્રેસને ખૂબ લાભ કરાવ્યો હતો પરંતુ તેની કદર થઈ નથી. ત્રણ વર્ષમાં મે કોંગ્રેસને જાણી છે. કોંગ્રેસમાં ગુજરાતની અંદર માત્ર જાતિવાદની રાજનીતિ ચાલે છે. મને કાર્યકરી પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ તે માત્ર શોભાના ગાંઠિયા જેવી હતી. ગુજરાતની અંદર એક પણ જવાબદારી મને કોંગ્રેસમાં આપવામાં આવી નથી. રાજ્યમાં કોંગ્રેસની અંદર માત્ર હાર્દિક પટેલ નથી બીજા પણ છે અને તેઓ પણ કોંગ્રેસથી નારાજ છે.

કોંગ્રેસમાં ૨૦૧૨ની ચૂંટણીમાં નરહરિ અમીનને પણ આવી રીતે હટાવી દેવામાં આવ્યા હતા. એક જ ફેમિલીના લોકો ૧૨ વર્ષથી પ્રદેશ પ્રમુખ તરીકે રહે છે. લોકોએ તો મને ફોન કરીને અભિનંદન આપ્યા છે કે સારું થયું તમે કોંગ્રેસ છોડી. અમરેલીમાં ૪૦૦ કિલોમીટર અમે પદયાત્રા કરી હતી. દિલ્હીમાં બેઠેલા લોકો દ્વારા આ પદયાત્રાને નુકસાન થાય તેવું વિચારવામાં આવે છે. કોંગ્રેસમાં સારા વ્યક્તિની કોઈ જવાબદારી નક્કી કરવામાં આવતી નથી કે નથી તેને કામ કરવાની તક આપવામાં આવતી. ૩ વર્ષમાં એક પણ વાર ગુજરાત કોંગ્રેસે મારી પ્રેસ કોનફર્સ નથી રાખી. કોંગ્રેસના નેતાઓ ઉપર આરોપ લગાવતા હાર્દિકે કહ્યું હતું કે, દિલ્હીમાં બેઠેલા નેતા રાહુલ ગાંધીનું કાન ભભરવાનું કામ કરે છે. રૂમમાં બેસીને એ ચિંતા કરે કે રાહુલ ગાંધીને રૂમમાં ચીકન સેન્ડવીચ આપવાની છે. ડાયટ કોક આપવાની છે.

હાર્દિકે કહ્યું હતું કે, આજે મારે દુઃખ સાથે કહેવું પડે કે નરેશ પટેલના ઘરે મળ્યા. ૯.૫૮ એ ગયા અને ૧૦.૧૦ એ બહાર આવી ગયા. ૧૨ મિનિટમાં એવી તો શું વાત કરી? ૧૯૯૦ પછી ૬૫ સીટ કોંગ્રેસની આવી હતી એ ૨૦૧૭માં જીતી શક્યા હોત. પરંતુ કોંગ્રેસ પાર્ટીને ગુજરાતનું સારું કરવું નથી. અદાણી અંબાણી એમની મેહનતથી પૈસા દાર બન્યા છે. ગુજરાતની અંદર તમારે કામ કરવું હોય તો કાર્યકરને પણ કામ આવું જોઈએ. ગુજરાતની અંદર મારો મુદો કામ માંગવાનો હતો. ગુજરાત કોંગ્રેસને મેં જે આપ્યું છે એ લીધું નથી. દુઃખ સાથે આ નિર્ણય નથી લીધો પરંતુ ખૂબ હિંમતથી આ નિર્ણય લીધો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાં કોઈ દેખાશે જ નહીં.

હાર્દિકે કહ્યું હતું કે, મારો નિર્ણય ખોટો હતો. હું મારા સમાજના આગેવાનની માફી માંગુ છું. કોંગ્રેસના નેતાઓ મન મરજી નિર્ણય કર્યા છે. કોંગ્રેસ ના એક પણ નેતા મારા પિતા ગુજરી ગયા ત્યારે નહોતા આવ્યા. હું બે હાથ જોડીને કહું છું કે, હજી ૨૦ વર્ષ સુધી કોંગ્રેસ આવશે નહિ. કોંગ્રેસ ગુજરાત લોકોને કેમ દુઃખી કરી શકાય એ કામ કોંગ્રેસ કરે છે. ગુજરાતના લોકોમાં કામ કરવાનું ચાલુ રાખીશું. હાલ કોઈ પાર્ટીમાં જોડાવાનો નિર્ણય કર્યો નથી. આ પાર્ટી ઉપર ગુજરાતના લોકો ભરોસો ના કરે. ૩ વર્ષ મેં બગડ્યા એનો મને આફસોસ છે. હું હિન્દુ છું એ કોઈને બતાવવાની જરૂર નથી. હા હું હિન્દૂ છું.

## ગુજરાતમાં પવનની દિશા બદલાતાં ગરમીમાં વધારો થશે



અમદાવાદ,

રાજ્યમાં હિટવેવનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. ત્યારે રાજ્યમાં બે દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત રહેશે. પવનની દિશા બદલતાં ગરમીમાં બે ડિગ્રી જેટલો વધારો થશે. આગાહી પ્રમાણે, કચ્છ, ડીસા, સુરેન્દ્રનગરમાં પડશે વધુ ગરમી પડશે. ત્યારે અમદાવાદમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે.

રાજ્યના ૭ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થયો છે. ૪૩ ડિગ્રી સાથે રાજકોટ શહેર સૌથી ગરમ રહ્યુ. જ્યારે સુરેન્દ્રનગરમાં ૪૨.૮, અમદાવાદમાં ૪૨.૪ ડિગ્રી, કંડલામાં ૪૨.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે સૌરાષ્ટ્રના અમરેલીમાં પારો ૪૧.૫ ડિગ્રીએ પારો પહોંચ્યો છે. પાટનગર અને ગ્રીન સિટી ગાંધીનગરમાં ૪૧.૪ ડિગ્રી જ્યારે ભુજમાં ૪૧.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ૩ દિવસના આ ગરમીના રાઉન્ડમાં મુખ્ય ૫ શહેરોમાં તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રીથી સુધી પહોંચી શકે છે. જોકે, ગરમીનો આ રાઉન્ડ સિઝનનો છેલ્લો રાઉન્ડ બની રહેશે તેવું માનવમાં આવી રહ્યુ છે. કેમકે, ત્યાર બાદ પ્રિ-મોનસુન એક્ટિવીટી શરૂ થતાં તાપમાનમાં ઘટાડો નોંધાશે. બુધવારથી ઉત્તર ગુજરાતમાં ૭૨ કલાકનો આકરી ગરમીનો સિઝનનો છેલ્લો રાઉન્ડ શરૂ થયો છે. ગરમીના રાઉન્ડના પ્રથમ દિવસ ડીસા સિવાયના ૪ શહેરનું તાપમાન અઢી ડિગ્રી સુધી ઉંચકાયું હતું. તાપમાન ફરી એકવાર ૪૦ ડિગ્રીની પાર જતાં બપોરના સમયે દેહદઝાડતી ગરમી સાથે માથુ ફાડતો ઉકળાટનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

ગુજરાતમાં જૂનના બીજા સપ્તાહમાં ચોમાસુ દસ્તક આપી શકે તેવું અનુમાન લગાવવામાં આવ્યુ છે. રાજ્યમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી મેંના અંત સુધીમાં થઈ શકે છે. આંદામાન નિકોબાર અને બંગાળની ખાડીમાં ચોમાસાની દસ્તક થઈ ગઈ છે. અહીં પાંચ દિવસ પહેલા ચોમાસું શરૂ થઈ ગયુ છે. અંદાજ પ્રમાણે કેરળમાં ૨૭મી મેથી પહેલી જૂનના રોજ નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ શકે છે. કેરળમાં વરસાદના આગમન બાદ સામાન્ય રીતે ૧૫-૨૦ દિવસમાં ગુજરાતમાં પણ વરસાદનું આગમન થતું હોય છે.તો આ વર્ષે પણ દેશમાં ચોમાસું સામાન્ય રહેશે તેવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## રોડ રેજ કેસમાં નવજોત સિંહ સિદ્ધુને એક વર્ષની સજા કરાઇ : સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો



નવીદિલ્હી,

પંજાબ કોંગ્રેસના નેતા નવજોત સિંહ સિદ્ધુને સુપ્રીમ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. ૩૪ વર્ષ જૂના રોડ રેજ કેસમાં સિદ્ધુને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ પહેલા સિદ્ધુએ સુપ્રીમ કોર્ટને રોડ રેજ કેસમાં તેમની સામે દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવવાની વિનંતી કરી હતી. રિવ્યુ પિટિશનના જવાબમાં સિદ્ધુએ કહ્યું કે આ ઘટના ૩૩ વર્ષ પહેલા બની હતી અને પિટિશન મેન્ટેનેબલ નથી. સિદ્ધુએ પોતાની સ્વચ્છ પ્રતિષ્ઠાને ટાંકીને સુપ્રીમ કોર્ટને આ કેસમાં તેમની સજામાં ફેરફાર ન કરવા વિનંતી પણ કરી હતી.

આ કેસમાં સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં સિદ્ધુને માત્ર એક હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. ત્યારબાદ પીડિત પક્ષે આ અંગે રિવ્યુ પિટિશન દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ૧૫ મે, ૨૦૧૮ ના રોજ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશને બાજુ પર રાખ્યો હતો જેણે સિદ્ધુને રોડ રેજ કેસમાં હત્યાની રકમ ન હોવાના દોષી માનવહત્યા માટે દોષિત ઠેરવ્યો હતો અને તેને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. જોકે સુપ્રીમ કોર્ટે સિદ્ધુને ૬૫ વર્ષીય વરિષ્ઠ નાગરિકને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા માટે દોષી ઠેરવ્યો હતો, પરંતુ તેણે તેને જેલની સજા કરી ન હતી અને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ હેઠળ આ ગુનાની સજા મહત્તમ એક વર્ષની જેલ અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને છે.

આ મામલો ડિસેમ્બર ૧૯૮૮નો છે. પટિયાલામાં કારમાં જતા સમયે સિદ્ધુની ટક્કર વડીલ ગુરનામ સિંહ સાથે થઈ હતી. ગુસ્સામાં સિદ્ધુએ તેને મુક્કો માર્યો જેના પછી ગુરનામ સિંહની હત્યા થઈ ગઈ. પટિયાલા પોલીસે સિદ્ધુ અને તેના મિત્ર રુપિન્દર સિંહ વિરુદ્ધ દોષિત હત્યાનો કેસ નોંધ્યો હતો. ૧૯૯૯માં ટ્રાયલ કોર્ટે સિદ્ધુને નિર્દોષ જાહેર કર્યા હતો, પરંતુ પંજાબ હરિયાણા હાઈકોર્ટે ૨૦૦૬માં આ કેસમાં સિદ્ધુને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. સિદ્ધુ ત્યારે અમૃતસરથી ભાજપના સાંસદ હતા. સજા બાદ તેમણે રાજીનામું આપી દીધું હતું. આ પછી સિદ્ધુએ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

## ગરબાને યુનેસ્કો કલ્ચરલ હેરિટેજના દરજ્જામાં સામેલ કરવાની તૈયારી શરૂ



નવીદિલ્હી,

ગુજરાતનો વારસો અને સંસ્કૃતિનો પ્રતીક એવા ગરબાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે,ભારત સરકારે કન્વેન્શન ફોર ધ સેફગાર્ડીંગ ઓફ ધ ઈન્ટેન્જીબલ કલ્ચરલ હેરિટેજ યાદીમાં ગરબાનો સમાવેશ કરવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. યુનેસ્કો દ્વારા આ હેરિટેજ યાદી તૈયાર કરવામાં આવે છે. જેમાં વિશ્વની ઐતિહાસિક સાંસ્કૃતિક પરંપરાઓ, કળાને સ્થાન આપવામાં આવે છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજીત વડનગર કોન્ફરન્સમાં યુનેસ્કોના ભારત, ભુટાન, માલદીવ્સ અને શ્રીલંકા ખાતેના ડાયરેક્ટર એરિક ફોલ્ટે ગુજરાતના ગરબાને હેરિટેજમાં સામેલ થાય એ માટે શુભેચ્છા પાઠવી હતી.

વડાપ્રધાન મોદીના વતન વડનગરને વૈશ્વિક ઓળખ આપવા વડનગર કોન્ફરન્સ યોજાઈ છે. કોન્ફરન્સમાં ફોલ્ટે જણાવ્યું હતું કે યુનેસ્કો વર્ષ ૨૦૨૩માં અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે યુનેસ્કો કન્વેન્શનની ૨૦મી જયંતિ ઉજવશે જેમાં ભારત સરકાર ગુજરાતી ગરબાની લોક પરંપરાનું નામાંકન કરશે. ગુજરાત એ ભારતમાં સૌથી વધુ વિશ્વ ધરોહર શિલાલેખો ધરાવતું રાજ્ય છે જ્યાં ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ અને ધોળાવીરા જેવા ઐતિહાસિક-સાંસ્કૃતિક વારસો ધરાવતા સ્થળો આવેલા છે તે ગુજરાત માટે ગૌરવ સમાન છે.

વડનગરમાં યોજાતા તાનારીરી મહોત્સવને હવે કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહોત્સવ તરીકે ઉજવવાની જાહેરાત કેન્દ્રિય સાંસ્કૃતિક રાજ્ય મંત્રી મિનાક્ષી લેખીએ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડનગરના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા વડનગરને લેન્ડમાર્ક હેરીટેજ ટુરીઝમ ડેસ્ટીનેશન તરીકે વિકસાવવામાં આવશે.

## દેશમાં શરૂ થશે 5G સેવા, ટૂંક સમયમાં સ્પેક્ટ્રમની હરાજી થશે : અશ્વિની વૈષ્ણવ



નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ૫ જી સેવાઓ માટે લગભગ સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ સેવા સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં શરૂ થશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એક ઈવેન્ટમાં તેમણે કહ્યું હતું કે ડિજિટલ અંતરને ઘટાડવું એક એવી દુનિયામાં વધુ મહત્વનું બની જાય છે જ્યાં ટેકનોલોજી આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

આથી સરકાર પણ સમાવેશી વૃદ્ધિ સુનિશ્ચિત કરવા તમામ પ્રયાસો કરી રહી છે. દેશમાં આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરથી સ્વદેશી ૫ જી સેવા શરૂ થશે. ૫જી દ્વારા ૧.૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે. તેમણે ખાતરી આપી કે આ ટેક્નોલોજી સારી અને ઓછી કિંમત સાથે સારી ગુણવત્તાની હશે. ટ્રાઈના ચેરમેન પીડી વાઘેલાએ જણાવ્યું હતું કે ભારતના ૧૩ શહેરોમાં પ્રારંભિક તબક્કે ૫જી સેવાઓ શરૂ થશે. ત્યારબાદ તેને તબક્કાવાર સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવશે.

ટેલિકોમ સચિવ કે રાજારામને જણાવ્યું હતું કે ભારત નેટથી લઈને સ્પેસ કોમ્યુનિકેશન અને ૫જી થી લઈ ફિક્સ્ડ લાઈન બ્રોડબેન્ડ સેવાઓ સુધીના ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન કરશે. તે ક્ષેત્રોમાં વધુ નોકરીઓનું સર્જન થશે, જ્યાં હજુ ઘણી ઓછી છે. ટૂંક સમયમાં અમે નીતિગત અવરોધોને દૂર કરવાની આશા રાખીએ છીએ.

ટેલિકોમ સેક્ટર સ્કિલ કાઉન્સિલે જણાવ્યું હતું કે ૫જી, ક્લાઉડ કમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા એનાલિસિસ જેવી નવી ટેક્નોલોજી ભૂમિકાઓમાં ૧.૫ લાખથી વધુ વ્યાવસાયિકોની માગ છે. આ સેક્ટરમાં માગ અને પુરવઠા વચ્ચે ૨૮ ટકાનું અંતર છે, જે વધતું રહેશે. કાઉન્સિલ ૩ વર્ષમાં એક લાખ લોકોને ૫૫ સેવાઓ માટે તાલીમ આપશે.

## જો બિડેન ક્વાડ સમિટ માટે જાપાન જશે, વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે



વોશિગ્ટન,

જો બિડેન આવતા અઠવાડિયે બીજી વ્યક્તિગત ક્વાડ સમિટ માટે જાપાનની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને આ માહિતી આપી. ક્વાડમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને યુએસ સાથે મળીને રચાયેલ, ક્વાડ ગ્રૂપ એ અગાઉના રાષ્ટ્રપતિ એટલે કે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનની પહેલ છે. અત્યાર સુધીમાં ત્રણ ક્વોડ સમિટ થઈ છે, જેમાંથી બે વર્ચ્યુઅલ રહી છે.

સુલિવને વ્હાઈટ હાઉસની નિયમિત ન્યૂઝ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "અમારું માનવું છે કે આ પરિષદ લોકશાહી કામ કરે છે અને આ ચાર દેશો, સાથે મળીને કામ કરીને, ખુલ્લા અને મુક્ત ઈન્ડો-પેસિફિકના સિદ્ધાંતને જાળવી રાખશે." રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે કહ્યું કે બિડેન ટોક્યોમાં નવી અને મહત્વાકાંક્ષી આર્થિક પહેલનો પણ પાયો નાખશે. નવા આર્થિક પડકારોને પહોંચી વળવા માટે ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ડ્રાફ્ટ લાવવામાં આવી રહ્યો છે. "ડ્રાફ્ટમાં સુરક્ષિત અને મજબૂત સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ અર્થતંત્ર માટે નિયમો તેમજ ઉર્જા અને સ્વચ્છ, આધુનિક હાઈ-એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેમાં રોકાણ કરવા માટેના નિયમો મૂકવામાં આવશે," તેમણે કહ્યું આઈપીઈએફના વિમોચન દરમિયાન જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા પણ બિડેન સાથે હાજર રહેશે. જાપાન જતા પહેલા બિડેન દક્ષિણ કોરિયા જવાના છે.

## પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાની કંપનીનું લાઈસન્સ રદ



ચંડીગઢ,

હરિયાણા સરકારે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાની માલિકીની કંપની સ્કાય લાઈટ હોસ્પિટાલિટીનું લાઈસન્સ રદ કર્યું છે. કંપની ગુરુગ્રામના શિકોહપુરમાં ફાળવેલ ૩.૫૨ એકર જમીન પર કોમર્શિયલ કોલોની વિકસાવી શકી નથી. આઠ વર્ષ બાદ લાઈસન્સ રદ કરવામાં આવ્યું છે.

આ જમીન પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાની સરકારમાં વાડ્રાની કંપનીને ફાળવવામાં આવી હતી. તે સમયે એકત્રીકરણ વિભાગના તત્કાલિન મહાનિર્દેશક અશોક ખેમકાએ પણ આ જમીનની ફાળવણી રદ કર્યું હતું. હવે ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ (ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ) વિભાગે આ જમીનને ખોટી ગણાવી તેનું લાયસન્સ રદ કરવાના આદેશો જારી કર્યા છે.

વાડ્રાની કંપનીએ વધુ કિંમતે ડીએલએફને જમીન વેચી દીધી હતી. ડીએલએફે આ જમીનના લાયસન્સ રિન્યુઅલ માટે સરકારમાં અરજી કરી હતી. ૪ જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ, ઓમકારેશ્વર પ્રોપર્ટી પ્રાઈવેટ લિમિટેડે ગુરુગ્રામના શિકોહપુર ગામમાં કોમર્શિયલ વસાહત માટે આ જમીનનું પ્રથમ લાયસન્સ લીધું હતું. બાદમાં આ જમીન વાડ્રાની કંપની સ્કાય લાઈટને વેચી દેવામાં આવી હતી. સ્કાય લાઈટે આ જમીન ડીએલએફને વેચી દીધી હતી.

**લુણાવાડા નગર સેવા સદન**

**ઈ-નિવિદા નં-૭૭ સને-૨૦૨૨-૨૩**

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં.૦૨૬૭૪ ૨૫૦૦૦૬ દ્વારા આગવી ઓળખ અંતર્ગત કરવાના કામ માટે ઇ–ટેન્ડરીંગ પદ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. (૧) કામનું નામ–લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં દરકોલી તળાવ બ્યુટીફીકેશનના કામની અંદાજીત કિંમત રૂ.૩૧૮.૦૩ લાખ (૨) એજન્સીની પાત્રતા–ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ. તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૩) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ ૩૧/૦૫/૨૦૨૨ (૧૮.૦૦ કલાક સુધી) (૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાનો સમયગાળો તારીખ–૩૧/૦૫/૨૦૨૨ થી તારીખ–૦૭/૦૬/૨૦૨૨ દરમ્યાન રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. વધુ વિગતો http//nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(દિપસિંહ હઠીલા) (ભાવનાબેન જે.મહેતા)
ઇ.ચા.મુખ્ય અધિકારી પ્રમુખ
નગરપાલિકા લુણાવાડા નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૧૬૨/૨૦૨૨

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડૉક્ટરને જાણ કરો.

**દુધીયા સેવા સહ. મં.લી.**

**મુ. નાનાભાળ, તા.લીમખેડા, જી. દાહોદ**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડૉક્ટરને જાણ કરો.

**લીમખેડા સેવા સહ. મં.લી.**

**મુ. પાલ્લી, તા.લીમખેડા, જી. દાહોદ**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડૉક્ટરને જાણ કરો.

**લીમખેડા સેવા સહ. મં.લી.**

**મુ. દાંતીયા, તા.લીમખેડા, જી. દાહોદ**

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# મુખ્યમંત્રીએ અરવલ્લી જિલ્લાના વીજળી, પાણી જેવા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી

હિંમતનગર,

અરવલ્લી જિલ્લાના વિકાસ કામોની સર્વગ્રાહી સમીક્ષા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવી હતી. સીએમએ જિલ્લા અધિકારીઓ સાથે બેઠક પણ યોજી તમામ માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીએ ગુરૂવારે અરવલ્લી ની મુલાકાતે હતા અને બાયડ ખાતે તેમણે અરવલ્લી જિલ્લામાં હાથ ધરાઈ રહેલા તથા પ્રગતિ હેઠળના વિવિધ કામો, રાજ્ય સરકારની યોજનાઓ વગેરેમાં જિલ્લાની પ્રગતિની વિગતો આ બેઠકમાં મેળવી હતી.



મુખ્યમંત્રીએ ટીમ અરવલ્લી સાથે સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓના સુદ્રઢ સંકલનથી આપણે વિકાસ કામોમાં નવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશું. તેમણે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને પ્રજાના પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે દિશા નિર્દેશ આપતા જણાવ્યું હતું કે, આપણે એક થઈ, નેક થઈ પ્રજાની નિસ્વાર્થ ભાવે સેવા કરીએ અને લોકપ્રશ્નોના ઉકેલની દિશામાં આગળ વધીએ. મુખ્યમંત્રીએ અરવલ્લી જિલ્લાના વીજળી, પાણી કાયદો-વ્યવસ્થા જેવા વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે અધિકારીઓ સાથે વિમર્શ કરતા કહ્યું કે, આપણને પ્રજાની સેવા કરવાની જે તક પ્રાપ્ત થઈ છે તેને પરિણામલક્ષી રૂપ આપીએ.

આ સમીક્ષા બેઠકમાં પદાધિકારીઓ દ્વારા રજૂ થયેલા પ્રજાકીય પ્રશ્નોના ઝડપથી નિવારણ માટે મુખ્યમંત્રીએ જિલ્લા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વિકાસ કાર્યોમાં જનભાગીદારી વધારવાનું પણ પ્રેરક સૂચન કર્યુ હતું. ઉનાળાને અનુલક્ષીને જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે પ્રકારે સુદ્રઢ આયોજન કરવા અંગે પણ બેઠકમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. જિલ્લા પ્રભારીમંત્રી કુબેરભાઈ ડીંડોરે દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટે નાની અને મધ્યમ કક્ષાની યોજનાઓનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. અરવલ્લી જિલ્લા કલેકટર ડૉ. નરેન્દ્રકુમાર મીનાએ મુખ્યમંત્રી સમક્ષ અરવલ્લી જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની રૂપરેખા રજૂ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી બી.ડી ડાવેરા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને નિવાસી અધિક કલેકટર એન. ડી. પરમાર સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં પૂર્વ મંત્રી રજનીભાઈ પટેલ તેમજ જિલ્લાના પદાધિકારીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રમિકોના શોકમાં હળવદ સ્વયંભૂ બંધ, આક્રંદભર્યા વાતાવરણમાં પ્રાર્થના સભા યોજાઈ

મોરબી,

હળવદના સાગર સ્લોટ કારખાનામાં દીવાલ ધસી પડતા ૧૨ શ્રમિકોના મોત થયા હતા. ૧૨ શ્રમિકોના મોતને પગલે ગ્રામજનો દ્વારા આજે સ્વયંભૂ બંધ પાડ્યું હતું. ત્યારે ગ્રામજનોના મોતથી હળવદમાં આક્રંદ ભર્યું વાતાવરણ સર્જાયું હતું. આ ઉપરાંત ગ્રામજનો દ્વારા પ્રાર્થના સભા પણ રાખવામાં આવી હતી. જ્યાં વિધાનસભા અધ્યક્ષ નિમાબેન આચાર્ય દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા.

મોરબી જિલ્લાના હળવદ તાલુકાની જીઆઈડીસીમાં બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સાગર સોલ્ટ કારખાનામાં દીવાલ તૂટી પડતા ૩૦ થી વધુ લોકો દટાયા હતા. જો કે, ઘટનાને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. જે બાદ સ્થાનિકો તમામને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે, આ ઘટનામાં ૧૨ શ્રમિકોના મૃતદેહો કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે અન્ય તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જો કે, હળવદ સાગર સોલ્ટમાં અકસ્માતમાં ૧૨ શ્રમિકોના મોતને પગલે ગ્રામજનોએ બંધ પાડ્યો હતો. હળવદ માર્કેટ આજે સ્વયંભૂ બંધ પાડ્યો હતો. ગ્રામજનોના મોતથી હળવડમાં આક્રંદ ભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ત્યારે ગ્રામજનો દ્વારા સવારે ૧૦ વાગે પ્રાર્થના સભા પણ રાખવામાં આવી હતી. વિધાનસભાના અધ્યક્ષ નિમાબેન આચાર્ય પ્રાર્થના સભામાં દિવંગતોને શ્રધ્ધાંજલી આપવા માટે પહોંચ્યા હતા.

તો બીજી તરફ સાગર હળવદની જીઆઈડીસીમાં આવેલા સાગર સોલ્ટ કારખાનામાં ત્રણ ભાગીદારો છે. જેમાં પ્રથમ ભાગીદાર આત્મારામ ચૌધરી, બીજો ભાગીદાર રાજેશ જૈન અને ત્રીજો ભાગીદાર લખાભાઈ લોલાડીયા છે. ત્રણેય ભાગીદારો પૈકી એક ભાગીદાર આત્મારામ ક્રિષ્નારામ ચૌધરી ઉ.વર્ષ. ૨૮ મૂળ રાજસ્થાનનો છે પરંતુ હાલ તે હળવદનો રહેવાસી છે. ત્યારે સ્થાનિક પોલીસ અને જીંર ટીમે અકસ્માતે મોત અંગે તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં જીવ ગુમાવનાર તમામ શ્રમિકોના વારસદારને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી ૪ લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે પીએમઓ દ્વારા મૃતકોના વારસદારને ૨ લાખ રૂપિયા અને પ્રત્યેક ઈજાગ્રસ્તને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

# ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડિંગ નવા અને સુવિધાસભર બનાવાશે : રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર,

રાજ્યની તમામ કોર્ટના બિલ્ડીંગ નવા અને અદ્યતન-સુવિધાસભર બનાવવાની દિશામાં વધુ એક નક્કર પગલું ભરી મહેસૂલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, રાજ્યની વધુ ત્રણ કોર્ટના બિલ્ડિંગ નવા બનાવવામાં આવશે. જે અંતર્ગત રૂ.૧૭ કરોડના ખર્ચે ઉમરાળા અને સાણંદની તાલુકા કોર્ટ અને રૂ.૫૧.૯૪ કરોડના ખર્ચે ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડિંગ નવા, અદ્યતન અને સુવિધાસભર બનાવશે. જે કોર્ટ બિલ્ડિંગમાં કોર્ટ રૂમ, જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી, ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સહિતની તમામ જરૂરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

રાજેન્દ્ર ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગર ખાતેના ઉમરાળામાં નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણા વિભાગ દ્વારા કુલ ૮,૨૫,૬૪,૦૦૦ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ૨૨૫૭,૦૦ ચો.મી.ના બિલ્ટઅપ એરિયામાં આકાર લેનાર આ અદ્યતન નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ ૧ માળનું કરવામાં આવનાર છે. આ કોર્ટ બિલ્ડીંગમાં ૨ કોર્ટરૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે તેમજ જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી/ કોન્ફરન્સ રૂમ, કેન્ટીન, સ્ટોર રૂમ, રેકર્ડ રૂમ, રજીસ્ટ્રાર / એડમીન બ્રાન્ચ તેમજ પાર્કીંગ શેડ, ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને ફાયર ફાયટીંગ સિસ્ટમ સહિતની તમામ જરૂરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે.

તેમણે વધુમાં કહ્યું કે, સાણંદ અમદાવાદ(ગ્રામ્ય) ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણા વિભાગ દ્વારા કુલ ૮,૭૨,૦૦,૦૦ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ૩૩૧૧.૦૦ ચો.મી.ના બિલ્ટઅપ એરિયામાં ઉભી થઈ રહેલી આ નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ ૨ માળનું કરવામાં આવનાર છે. આ કોર્ટ બિલ્ડીંગમાં ૪ કોર્ટ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે. આ કોર્ટ બિલ્ડિંગમાં પણ જરૂરી તમામ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી/ કોન્ફરન્સ રૂમ, કેન્ટીન, સ્ટોર રૂમ, રેકર્ડ રૂમ, રજીસ્ટ્રાર / એડમીન બ્રાન્ચ તેમજ પાર્કીંગ શેડ, ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને ફાયર ફાયટીંગ સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરાશે.

તેમણે ઉમેર્યું કે, ભાવનગર ખાતે નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણા વિભાગ દ્વારા કુલ ૫૧,૯૪,૦૦,૦૦૦ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ૧૬૦૫૦.૦૦ ચો.મી.ના બિલ્ટઅપ એરિયામાં તૈયાર થઈ રહેલા આ નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ ૪ માળનું કરવામાં આવનાર છે. આ કોર્ટ બિલ્ડીંગમાં ૨૫ કોર્ટ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે. તેમજ જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી/ કોન્ફરન્સ રૂમ, કેન્ટીન, સ્ટોર રૂમ, રેકર્ડ રૂમ, રજીસ્ટ્રાર / એડમીન બ્રાન્ચ તેમજ પાર્કીંગ શેડ, ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને ફાયર ફાયટીંગ સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ થશે.

# કોલસાની અછતને કારણે ઘણા રાજ્યોમાં હજુ પણ વીજળીની કટોકટી

નવીદિલ્હી,

કોલસાની અછતને કારણે ઘણા રાજ્યોમાં હજુ પણ વીજળીની કટોકટી છે. હાલમાં સમગ્ર દેશમાં ઉપયોગ માટે માત્ર સાત દિવસનો જ કોલસો બચ્યો છે. ૧૭૩ પાવર પ્લાન્ટમાંથી ૯૭ પાસે સાત દિવસથી ઓછો કોલસો બાકી છે. જ્યારે ૫૦ જેટલા પ્લાન્ટ એવા છે જ્યાં ચાર દિવસથી ઓછો સ્ટોક છે. તે જ સમયે, કેટલાક પ્લાન્ટ્સ એવા છે જ્યાં કોલસો લગભગ ખલાસ થઈ ગયો છે. ખરાબ સ્થિતિને જોતા કોલસા મંત્રાલય પણ એક્શનમાં આવી ગયું છે.

મંત્રાલયે રાજ્ય સરકારો અને વીજ ઉત્પાદન કંપનીઓને ચોમાસાની શરૂઆત પહેલા કોલસાની આયાત પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોલસા મંત્રાલયે પાવર જનરેશન કંપનીઓને ચેતવણી આપી છે કે જો તેઓ આ મહિનાના અંત સુધીમાં સ્થાનિક રીતે ઉપલબ્ધ કોલસાની ગુણવત્તા વધારવા માટે ૧૦ ટકા મિશ્રણ માટે કોલસાની આયાત ન કરે તો તેની મર્યાદા વધારીને ૧૫ ટકા કરવામાં આવશે. મંત્રાલયનો આ આદેશ કેન્દ્ર, રાજ્ય અને સ્વતંત્ર વીજ ઉત્પાદકો/ ખાનગી એકમો માટે લાગુ પડશે.

મંત્રાલયે એમ પણ કહ્યું છે કે જો દેશમાં ઉપલબ્ધ કોલસાનું મિશ્રણ ૧૫ જૂન સુધીમાં શરૂ નહીં થાય, તો ડિફોલ્ટ થર્મલ પાવર પ્લાન્ટ્સને સ્થાનિક કોલસાની ફાળવણીમાં વધુ પાંચ ટકાનો ઘટાડો થશે. મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે જો પાવર જનરેટ કરતી કંપનીઓ ૩૧ મે ૨૦૨૨ સુધીમાં કોલસાને મિક્સ કરવા માટે ઓર્ડર નહીં આપે અને આયાતી કોલસો ૧૫ જૂન સુધીમાં પાવર પ્લાન્ટ્સ સુધી પહોંચવાનું શરૂ નહીં કરે તો બાકીના સમયગાળામાં ૩૧ સુધી ઓક્ટોબર ૨૦૨૨. તેમના માટે સંમિશ્રણ મર્યાદા વધારીને ૧૫ ટકા કરવામાં આવશે.

# ચેક બાઉન્સના કેસો માટે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ખાસ કોર્ટ બનાવાશે

નવીદિલ્હી,

ચેક બાઉન્સના હજારો પડતર કેસોનો નિકાલ લાવવા તથા અદાલતો પર તેનુ ભારણ ઘટાડવા માટે સર્વોચ્ચ અદાલતે નિવૃત જજને રાખીને પાયલોટ કોર્ટ શરૂ કરવાનો આદેશ કર્યો છે. પાંચ રાજયોના પાંચ જીલ્લામાં આવી કોર્ટ શરૂ કરવાનો હુકમ ર્ક્યો છે.

મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી તથા ઉત્તરપ્રદેશ એવા પાંચ રાજયોમાં ચેક બાઉન્સના પડતર કેસોની સંખ્યા ઘણી વધુ છે, ત્યારે આ રાજયોના એક-એક જિલ્લામાં ખાસ કોર્ટ સ્થાપવાનો હુકમ કરવામાં આવ્યો છે. જસ્ટીસ એલ. નાગેશ્વર રાવ, બી.આર. ગવાઈ તથા એસ. રવીન્દ્ર ભટ્ટની બેંચે જણાવ્યું હતું કે ચેક બાઉન્સના કેસો માટે ખાસ કોર્ટ સ્થાપવાની સીનીયર એડવોકેટ સિધ્ધાર્થ લુજાસની ભલામણ સ્વીકારી છે.

સુપ્રિમ કોર્ટે ૧ લી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં આ ખાસ કોર્ટ શરૂ કરવાનો પણ આદેશ ર્ક્યો છે. સેક્રેટરી જનરલ દ્વારા આદેશની નકલ પાંચેય રાજયોના રજીસ્ટ્રાર જનરલને આપશે અને તેઓ તાત્કાલીક કાર્યવાહી કરવા સંબંધિત ચીફ જસ્ટીસ સમક્ષ રજુ કરશે. ૨૧ જુલાઈ સુધીમાં સોગંદનામા પેશ કરવા પણ કહેવાયુ છે. ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ કુલ ૨.૩૧ કરોડ પડતર કેસોમાંથી ૩૫.૧૬ લાખ માત્ર ચેક બાઉન્સના હતા.

# આપની આજ.......

મેષ : લગ્નજીવન સુખદ રહેશે. ઘરનો કોઈ વિવાદિત મામલો પણ ઉકેલાઈ શકે છે. ખરાબ સંગત અને આદતથી દૂર રહો. વેપારમાં વિસ્તાર માટે કોઈ નવી યોજનાઓ ઉપર વિચાર કરો. તમારી ભાવનાઓ ઉપર કાબૂ રાખો.

વૃષભ : પ્રેમ પ્રસંગ વધારે ગાઢ વધશે. વિચારોની દુનિયાથી બહાર આવીને હકીકતનો સામનો કરો. કાર્યક્ષેત્રમાં કામ પ્રત્યે તમારો જોશ અને ઉત્સાહ જળવાયેલો રહેશે. આ સમયનો ભરપૂર લાભ ઉઠાવો.

મિથુન : ગણેશજી કહે છે, મકાન, ગાડી વગેરેને લગતી કાગળિયા સંભાળીને રાખો. આજે વેપારમાં થોડા નવા કરાર પ્રાપ્ત થઈ શકે છે. થોડા સમયથી ચાલી રહેલી કોઈ પ્રકારની દુવિધા અને બેચેનીથી આજે રાહત મળી શકે છે. પારિવારિક જીવન સામાન્ય રહેશે.

કર્ક : સ્વાસ્થ્યની દૃષ્ટિએ સમય વધારે અનુકૂળ રહેશે નહીં. લક્ષ્ય પ્રાપ્તિ માટે મહેનત સફળ રહેશે. વેપાર અને કામકાજમાં થોડા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની જરૂરિયાત છે. આ સમયે આર્થિક સ્થિતિને વધારે મજબૂત જાળવી રાખવા માટે અતિ ઉત્તમ છે.

સિંહ : સ્વાસ્થ્ય સારું રહેશે. આર્થિક દ્રષ્ટિએ આજનો દિવસ વધારે અનુકૂળ નથી. પતિ-પત્નીમાં એકબીજા સાથે તાલમેલમાં ઘટાડો આવી શકે છે. જો કોઈ કાર્ય ઘણાં સમયથી અટવાયેલું છે, તો તેને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે.

કન્યા : વેપાર વધારવા માટે નવી શોધ અને યોજનાઓની જરૂરિયાત છે. પરિવારમાં એકબીજા સાથે તાલમેલ ઉત્તમ જળવાયેલું રહેશે. ઉધાર આપેલા રૂપિયા પ્રાપ્ત કરવાનો આજે અનુકૂળ સમય છે. વાતાવરણમાં ફેરફારની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય ઉપર પડી શકે છે.

તુલા : પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે સમય અનુકૂળ નથી. બિનજરૂરી ગતિવિધિઓમાં ખર્ચ વધારે રહેશે. અચાનક જ કોઈ અશક્ય કાર્ય શક્ય થઈ શકે છે. પતિ-પત્નીમાં એકબીજા વચ્ચે સ્નેહ અને મધુરતા રહેશે.

વૃશ્ચિક : તમને તમારી આવડત પ્રદર્શિત કરવાની તક મળશે. વેપારમાં દરકે નાની-નાની વાતને ગંભીરતા પૂર્વક લો. વાતચીતમાં સાવધાની જાળવો. પતિ-પત્નીમાં સારો તાલમેલ જળવાયેલો રહેશે. એલર્જીના કારણે ઉધરસ, તાવ કે ચામડીની પરેશાની થઈ શકે છે.

ધનુ : ભાવુકતાના કારણે તમે તમારું નુકસાન કરી શકો છો. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે. કાર્યક્ષેત્રમાં થોડા વિઘ્નો આવી શકે છે, પરંતુ આ સમયે ધૈર્ય અને સંયમ જાળવી રાખવો યોગ્ય છે. કોઈ અટવાયેલું કામ પણ આજે સંપન્ન થઈ શકે છે.

મકર : મશીન, સ્ટાફ વગેરે સાથે જોડાયેલી નાની-મોટી સમસ્યાઓ સામે આવી શકે છે. આવક સાથે-સાથે ખર્ચની પણ સ્થિતિ રહેશે. વધારે મહેનત અને પરિશ્રમના કારણે થાકનો અનુભવ થશે. પરિવારમાં સુખ-શાંતિ તમારા માટે પહેલી પ્રાથમિકતા રહેશે.

કુંભ : લગ્નજીવન મધુર જળવાયેલું રહેશે. પારિવારિક મામલે કોઈ બહારના વ્યક્તિની દખલ થવા દેશો નહીં. કાર્યક્ષેત્રમાં તમારા પેપર તથા ફાઈલ પહેલાંથી જ તૈયાર રાખો. કોઈ સંબંધીને લગતી શુભ સૂચના મળવાથી મન પ્રસન્ન રહેશે.

મીન : આર્થિક મામલે વધારે સમજણ અને ચર્ચા-વિચારણાં કરીને નિર્ણય લો. કાર્યક્ષેત્રમાં તમને તમારી આવડત દર્શાવવાની તક મળશે. શરીરમાં દુખાવાની સ્થિતિ બની શકે છે. આજે ધાર્મિક કે અધ્યાત્મિક ગતિવિધિઓમાં તમારો સારો સમય પસાર થશે.

# હરિયાણામાં ફુટપાથ પર સૂઈ રહેલા મજૂરો પર ટ્રક ફરી વળ્યું, ૩ લોકોના મોત ૧૧ ઈજાગ્રસ્ત

ઝજ્જર,

હરિયાણાના ઝજ્જરથી એક દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. જ્યાં એક ટ્રકે રોડની બાજુમાં સૂતેલા લોકોને કચડી નાખ્યા હતા. આમાં ત્રણ મજૂરોના મોત થયા છે, જ્યારે ૧૧ અન્ય ઘાયલ હોવાનું કહેવાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ઝજ્જર જિલ્લામાં એક ટોલ પ્લાઝાની સામે થઈ હતી.

અહેવાલો અનુસાર, ટ્રક ડ્રાઈવરે અચાનક કાબૂ ગુમાવ્યો, ત્યારબાદ તે રોડ પરથી ફૂટપાથ પર ગયો. આ ફૂટપાથ પર ઘણા મજૂરો સૂતા હતા, જેમને ટ્રકે પકડી લીધા હતા. ટ્રક આ મજૂરોને કચડીને આગળ વધ્યો અને પછી પલટી ગયો. ઘાયલ થયેલા ૧૧ લોકોમાંથી માત્ર કેટલાકની હાલત ગંભીર છે. તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જણાવવામાં આવ્યું છે કે આ દર્દનાક અકસ્માત કેએમપી એટલે કે કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ વે પર થયો હતો. મળતી માહિતી મુજબ, ૧૦ ઘાયલોને પીજીઆઈ રોહતક મોકલવામાં આવ્યા છે, જ્યારે એક ઘાયલ મજૂરને બહાદુરગઢના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યો છે. તમામ મૃતકો અને ઘાયલ મજૂરો આ એક્સપ્રેસ વે પર સમારકામનું કામ કરતા હતા. કામ કર્યા પછી, બધા થાકી ગયા હતા અને રસ્તાની બાજુએ સૂઈ ગયા હતા. હાલ તો પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જે બાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે.

# GST કાઉન્સિલની ભલામણો માનવા કેન્દ્ર અને રાજ્ય સરકારો બંધાયેલી નથી : સુપ્રીમ

નવીદિલ્હી,

કેન્દ્ર અને રાજ્ય સરકારો કાઉન્સિલની ભલામણો સ્વીકારવા બંધાયેલી નથી રાજ્યોને જીએસટી પર કાયદા બનાવવાનો સમાન અધિકાર જીએસટી કાઉન્સિલની ભલામણો પર સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો જીએસટી કાઉન્સિલની ભલામણોને સ્વીકારવા માટે બંધાયેલા નથી. કેન્દ્ર સરકાર અને રાજ્યોને જીએસટી પર કાયદા બનાવવાનો સમાન અધિકાર છે. જીએસટી કાઉન્સિલે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સુમેળભર્યા અંદાજમાં કામ કરવું જોઈએ

જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેંચે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, જીએસટી કાઉન્સિલે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કામ કરી શકાય તેવો ઉકેલ લાવવા માટે સુમેળભર્યા અંદાજમાં કામ કરવું જોઈએ. જીએસટી કાઉન્સિલની ભલામણો સહયોગી ચર્ચાઓનું પરિણામ છે. તે જરૂરી નથી કે ફેડરલ એકમોમાંથી કોઈ એકનો હંમેશાં વધુ હિસ્સો હોય.જસ્ટિસ ડી વાય ચંદ્રચુડે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો જીએસટી કાઉન્સિલની ભલામણોને સ્વીકારવા માટે બંધાયેલા નથી. તે માત્ર પ્રોત્સાહક કે પ્રેરણાદાયી છે. કોર્ટે કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓમાં ફરક હોય તો તેના ઉકેલની જોગવાઈ કરવા માટે જીએસટીમાં કોઈ જોગવાઈ નથી. જો આવી સ્થિતિ સર્જાય તો જીએસટી કાઉન્સિલ તેમને યોગ્ય સલાહ આપે છે. ગુજરાત હાઈકોર્ટે ૨૦૨૦ માં રિવર્સ ચાર્જ હેઠળ દરિયાઈ માલના આયાતકારો પર આઈજીએસટી લાદવાના નિર્ણયને રદ કર્યો હતો. સરકારે ૫ ટકા આઈજીએસટી લાદવાનું જાહેરનામું બહાર પાડ્યું હતું. જેને ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે પણ હવે ગુજરાત હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો છે.

એક મોટી નિર્ણય લેતી સંસ્થા છે જે જીએસટી કાયદા હેઠળ થનારી કામગીરીને લગતા તમામ જરૂરી નિર્ણયો લે છે. જીએસટી કાઉન્સિલની જવાબદારી છે કે તે દેશભરમાં માલ અને સેવાઓ માટે એક જ ટેક્સ નક્કી કરે. જીએસટી કાઉન્સિલની અધ્યક્ષતા કેન્દ્રીય નાણાં પ્રધાન કરે છે અને રાજ્યના નાણાં પ્રધાનો જીએસટી કાઉન્સિલના સભ્યો છે. ૧ જુલાઈ ૨૦૨૨ના રોજ જીએસટી લાગુ થયાને પાંચ વર્ષ થઈ જશે. જીએસટી કાયદો ૧ જુલાઈ, ૨૦૧૭થી દેશભરમાં લાગુ કરવામાં આવ્યો હતો. એક્સાઈઝ ડ્યૂટી, સર્વિસ ટેક્સ, વેટ અને સેલ્સ ટેક્સને જોડીને ટેક્સ જીએસટી બનાવવામાં આવ્યો હતો.

# આજે દેશમાં સરકારના કામકાજની રીત બદલાઈ ગઈ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વડોદરા,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાના કારેલીબાગમાં આયોજિત યુવા શિબિરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો હતો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે આપણા સંતો અને આપણા શાસ્ત્રોએ આપણને શીખવ્યું છે કે કોઈપણ સમાજનું નિર્માણ સમાજની દરેક પેઢીમાં સતત ચારિત્ર્ય નિર્માણથી થાય છે. તેની સભ્યતા, પરંપરા, તેનું આચરણ અને વર્તન એક રીતે આપણા સાંસ્કૃતિક વારસાના વિકાસને કારણે છે.



યુવા શિબિરને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે મને ખાતરી છે કે જ્યારે મારા યુવા મિત્રો આ શિબિર છોડશે ત્યારે તેઓ પોતાની અંદર એક નવી ઉર્જાનો અનુભવ કરશે, તેઓ નવી સ્પષ્ટતા અને નવી ચેતનાના સંચારનો અનુભવ કરશે. હું તમને આ નવી શરૂઆત, નવી પ્રસ્થાન, નવા સંકલ્પ માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. તેમણે વધુમાં કહ્યું કે આ કાર્યક્રમ એવા સમયે યોજાઈ રહ્યો છે જ્યારે દેશ તેની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે. આજે આપણે સામૂહિક સંકલ્પ લઈ રહ્યા છીએ, નવા ભારતના નિર્માણ માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. એક નવું ભારત, જેની ઓળખ નવી, દૂરંદેશી અને પરંપરાઓ પ્રાચીન છે.

પીએમ મોદીએ કહ્યું કે કોરોના યુગના સંકટ વચ્ચે વિશ્વમાં રસી અને દવાઓ પહોંચાડવાથી લઈને વિખરાયેલી સપ્લાય ચેઈન વચ્ચે આત્મનિર્ભર ભારતની આશા સુધી, શાંતિ માટે સક્ષમ રાષ્ટ્રની ભૂમિકા સુધી. વૈશ્વિક અશાંતિ અને સંઘર્ષો વચ્ચે, ભારત આજે નવી દુનિયા છે. આશા છે. આવું નવું ભારત, જે નવી વિચારસરણી અને વર્ષો જૂની સંસ્કૃતિ બંનેને સાથે લઈને આગળ વધે અને સમગ્ર માનવજાતને દિશા આપે. જ્યાં પડકારો છે ત્યાં ભારત આશાસ્પદ સંભાવનાઓ સાથે રજૂ કરી રહ્યું છે અને જ્યાં સમસ્યાઓ છે ત્યાં ભારત ઉકેલો રજૂ કરી રહ્યું છે.

પીએમ મોદીએ યુવા શિબિરમાં કહ્યું કે આજે દેશમાં સરકારના કામકાજની રીત બદલાઈ છે, સમાજની વિચારસરણી બદલાઈ છે અને સૌથી ખુશીની વાત એ છે કે જનભાગીદારી વધી છે. જે લક્ષ્યાંકો ભારત માટે અશક્ય માનવામાં આવતા હતા, આજે દુનિયા એ પણ જોઈ રહી છે કે આવા ક્ષેત્રોમાં ભારત કેટલું સારું કરી રહ્યું છે.

વડોદરાના કારેલીબાગમાં આયોજિત યુવા શિબિરને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આજે ભારત વિશ્વમાં ત્રીજા નંબરની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે, તેનું નેતૃત્વ આપણા યુવાનો કરી રહ્યા છે. શિબિરનો હેતુ સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણમાં વધુમાં વધુ યુવાનોને સામેલ કરવાનો છે. તેનો હેતુ એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત વગેરે જેવી પહેલો દ્વારા નવા ભારતના નિર્માણમાં યુવા ભાગીદાર બનાવવાનો છે.

ગુજરાતમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં પીએમ મોદી ગુજરાતમાં આયોજિત મોટાભાગના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. ગુજરાત પીએમ મોદીનું ગૃહ રાજ્ય છે, તેથી ભાજપ પણ ચૂંટણી પહેલા પીએમ મોદીના તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે કોઈ કસર છોડી રહી નથી. ગયા મહિને એપ્રિલમાં પીએમ મોદી ગુજરાતના પ્રવાસે ગયા હતા.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારાના ભા.જ.પ. પ્રવેશની રાજકીય અટકળોના પગલે દાહોદ જિલ્લા ભા.જ.પ.માં આનંદના બદલે આઘાતની ચર્ચાઓ વધારે !

## હાઈપ્રોફાઈલ હિરેન પટેલના સોપારી કિલર મર્ડર કેસમાં અમિત કટારાના જેલવાસ દરમિયાન

ઝાલોદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીઓ પૂર્વે સત્તાધારી ભા.જ.પ દ્વારા ઐતિહાસિક વિજય પ્રાપ્ત કરવા માટે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની શરૂ થયેલી રાજ રમતો વચ્ચે ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારા ભા.જ.પ માં જોડાઈ શકે છે. આની શરૂ થયેલી રાજકીય અટકળો ના પગલે દાહોદ જિલ્લા ભા.જ.પ માં આનંદ ના બદલે આઘાતની ચર્ચાઓ વધારે હોવાનો રાજકીય માહૌલ એટલા માટે સર્જાયો છે કે, ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમિત કટારા ભા.જ.પના લોકપ્રિય કાર્યકર અને ઝાલોદ નગર પાલિકાના સદસ્ય હિરેન પટેલના સોપારી કીલર જેવા હત્યાના આરોપસર જ્યારે જેલમાં હોય ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારા ને જો ભા.જ.પ માં દાખલ કરવામાં આવે તો ભા.જ.પ ને ફાયદો થવાના બદલે રાજકીય નુકસાન વધારે થવાની શક્યતાઓ ચર્ચાઓમાં છે.

એટલા માટે કે ઝાલોદના હાઈપ્રોફાઈલ હિરેન પટેલના સોપારી કિલર મર્ડર કેસના પગલે ગુજરાત ભા.જ.પ સરકાર પણ ચિંતિત બની હતી અને વરિષ્ઠ નેતાઓ પણ ઝાલોદ ખાતે દોડી આવ્યા હતા.

જોકે, ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારાના પિતા અને દાહોદ ભા.જ.પ ના પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા પોતાના સત્તાકાળ દરમિયાન કબૂતરબાજીમાં પકડાયા ત્યારે ભા.જ.પ ક્ષોભજનક હાલતમાં મુકાઈ ગયું હતું.!! અને ગત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ સે કબૂતરબાજીમાં પકડાયેલા ભા.જ.પ ના પૂર્વ સાંસદ બાબુભાઈ કટારાને ઉમેદવાર તો બનાવ્યા પરંતુ તેઓનો કારમો પરાજય થયો હતો. દાહોદ જિલ્લાના આ રાજકીય સમીકરણો વચ્ચે ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારાનો ભાઈ અમિત કટારા બહુચર્ચિત એવા ભા.જ.પ ના કોર્પોરેટર હિરેન પટેલ હત્યા કેસમાં ઝડપાઈ જતા આ કટારા પરિવાર અત્યારે આઘાતમાં છે અને આ બનાવમાં કોંગ્રેસ મદદ કરશે આ આપેક્ષાઓ પૂર્ણ નહિ થઈ હોય અગર તો અન્ય કારણોસર લાંબા સમયથી કોંગ્રેસ સાથે અંતર દેખાડનારા ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારા કોંગ્રેસ સામે નારાજગી વ્યક્ત કરીને ભા.જ.પ માં જોડાઈ શકે છે ના ? શરૂ થયેલ રાજકીય અટકળોના પગલે દાહોદ જિલ્લા ભા.જ.પ માં આનંદ કરતા આઘાતની ચર્ચાઓનો માહૌલ વધારે છે. એમાં માત્ર ને માત્ર હાઈપ્રોફાઈલ હિરેન પટેલ મર્ડર કેસની લાગણીઓ વધારે છે !

# દાહોદ-ઈન્દૌર રોડ ઉપર મુસાફર ભરેલી લક્ઝરી પલ્ટી જતાં ૧૦ ઉપરાંત મુસાફરોને ઈજાઓ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાંથી પસાર થતાં દાહોદ-ઈન્દૌર રોડ ખાતે એક પેસેન્જર ભરેલ લક્ઝરી બસ અકસ્માતે પલ્ટી કાઈ જતાં બસમાં સવાર અંદાજે ૪૦ જેટલા મુસાફરો પૈકી ૧૦ થી ૧૫ મુસાફરોને ઈજાઓ થતાં તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજરોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના આસપાસ એક ખાનગી લક્ઝરી બસ અમદાવાદથી ઈન્દૌર ખાતે જઈ રહી હતી તે સમયે દાહોદ શહેરના ઈન્દૌર હાઈવે રોડ પર પેસેન્જર ભરેલ લક્ઝરી બસ જોતજોતામાં અકસ્માતે પલ્ટી ખાઈ જતાં અંદર સવાર અંદાજે ૪૦ જેટલા મુસાફરો પૈકી અંદાજે ૧૫ જેટલા મુસાફરોને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. પોલીસ આવે તે પહેલા સ્થાનીક લોકોએ ઈજાગ્રસ્તો તથા અન્ય મુસાફરોને બસમાં બહાર કાઢવાની કવાયતો હાથ ધરી હતી અને થોડીક ક્ષણોમાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સદ્નસીબે આ માર્ગ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. ત્યારે સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં આગામી તા. ૩૦ મે અને તમામ તાલુકાઓમાં તા.૧ થી ૬ જુન દરમિયાન કાર્યક્રમો યોજાશે

દાહોદ,

ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓની કારકિર્દીમાં મહત્વનાં વળાંક લઈને આવે છે. અત્યારના આધુનિક સમયમાં કારકિર્દીના ઘણાં વિકલ્પો ઉપલબ્ધ છે અને ઘણાં નવા ક્ષેત્રો પણ ઉભરી રહ્યાં છે. ત્યારે વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીનું ઘડતર યોગ્ય દિશામાં કરી શકે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે તમામ મહાનગરો, જિલ્લાઓ અને તાલુકાઓમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ પહેલ શિક્ષણમંત્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં કરવામાં આવી છે.

જે અંતર્ગત દાહોદ જિલ્લામાં પણ આગામી તા. ૩૦ મે ના રોજ જિલ્લા કક્ષાનો કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે. તેમજ ત્યાર બાદ તા. ૧ જુન થી ૬ જુન દરમિયાન તમામ તાલુકાઓમાં પણ માર્ગદર્શન કાર્યક્રમ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે યોજાશે. જેમાં જિલ્લાના તેમજ રાજયના નિષ્ણાંતો વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન માર્ગદર્શન આપશે.

જિલ્લામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ આ કાર્યક્રમનો લાભ લે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે એક બેઠક પણ યોજાઈ હતી. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલ દવે, જિલ્લા રોજગાર કચેરી, આઈટીઆઈ વગેરે કચેરીના અધિકારીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા અને કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે ચર્ચા કરી હતી.

# ફતેપુરાના આશપુર ગામે ચુંટણીની અદાવતે બન્ને પક્ષોએ હથિયાર ઉછાળતાં બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના આશપુર ગામે ગ્રામ પંચાયતની ચુંટણી બાબતે ગામમાં રહેતાં બે પક્ષો વચ્ચે મારક હથિયારો ઉછળતાં બેથી વધુ વ્યક્તિઓને શરીરે ઈજાઓ થતાં બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આશપુર ગામે ગણેશ ફળિયામાં રહેતાં ગોવિંદભાઈ લાલસીંગભાઈ ચંદાણા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા. ૧૭મી મેના રોજ પોતાના ગામમાં રહેતા સુભાષભાઈ રણવીરભાઈ, કાળુભાઈ લક્ષ્મણભાઈ, જીજ્ઞેશભાઈ લક્ષ્મણભાઈ, કિર્તન ઉર્ફે યોગેશ વીરસીંગભાઈ, જગદીશભાઈ રમેશભાઈ અને વિરસીંગભાઈ દેવાભાઈ તમામ જાતે ચંદાણાનાઓએ એકસંપ થઈ હાથમાં મારક હથિયારો ધારણ કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગોવિંદભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી ગ્રામ પંચાયતની ચુંટણીની અદાવત રાખી ગોવિંદભાઈ તથા તેમની સાથેના માણસોને માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી વાહનોની પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડતાં આ સંબંધે ગોવિંદભાઈએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જયાકે સામાપક્ષેથી આશપુર ગામે ગણેશ ફળિયામાં રહેતાં લલીતાબેન રણવીરસિંહ ચંદાણાએ નોંધાવેલ ફળિયામાં જણાવ્યાં અનુસાર ગત તા.૧૭મી મેના રોજ પોતાના ગામમાં રહેતાં ગોવિંદભાઈ લાલસીંગભાઈ, અનીલભાઈ બાબુભાઈ, ગોવિંદભાઈ બાબુભાઈ, રાહુલભાઈ કમલેશભાઈ, મનોજભાઈ રવજીભાઈ, રવજીભાઈ વેલજીભાઈ, મનસુખભાઈ હુરજીભાઈ અને દિલીપભાઈ મનસુખભાઈ તમામ જાતે ચંદાણાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ગ્રામ પંચાયતની ચુંટણી સંબંધી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લલીતાબેનને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો મારી મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત લલીતાબેન રણવીરસિંહ ચંદાણાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંન્ને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના હડમત ગામે પરણિતાને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના હડમત ગામે એક પરણિતાને તેના પતિ તથા સાસુ - સસરા દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં ત્રાસથી વાજ આવેજ પરણિતાએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

હડમત ગામે ગળી ફળિયામાં પરણાવેલ અને હાલ પોતાના પિયર ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામે ખરસોડ ફળિયામાં આવી પહોંચેલ પરણિતા શકુન્તલાબેન નારસીંગભાઈ ડામોરના લગ્ન તારીખ ૪.૧૧.૨૦૨૧ના રોજ સમાજના રિતી રિવાજ મુજબ હડતમ ગામે ગળી ફળિયામાં રહેતાં વિક્રમકુમાર ખુમાનસિંહ ચારેલ સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી શકુન્તલાબેનને સારૂ રાખ્યાં બાદ પતિ તથા સાસરીયાનું પોત પ્રકાશ્યું હતું અને શકુન્તલાબેનને તેના પતિ વિક્રમકુમાર દ્વારા કહેલ કે, તું દાગીના લાવેલ નથી, તુ તારા બાપાના ઘરે જતી રહે, તેમ કહી શકુન્તલાબેનને અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપી મારઝુડ પણ કરતો હતો. ત્યારે શકુન્તલાબેનના સસરા ખુમાનસિંહ અને સાસુ સુમનબેન દ્વારા પણ પરણિતાને અવાર નવાર મેણા ટોણા મારી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં અને પોતાના પુત્ર વિક્રમકુમારને કહેતા હતાં કે, અમે તને નોકરીવાળી બૈરી કરાવીશું અને પરણિતા શકુન્તલાબેનને ઘરમાંથી બહાર નીકળી જવાનું કહેતા પરણિતા શકુન્તલાબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં શકુન્તલાબેન પોતાના પિયરમાં આવી પહોંચી હતી અને ન્યાયની ગુહાર માટે મહિલા પોલીસ મથકે પોતાના પતિ તથા સાસુ-સસરા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના લીમડીમાં સમી સાંજે બે મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૩.૨૪ લાખની ચોરી કરી ફરાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એકજ સમી સાંજના સમયે બે મકાનોમાં તસ્કરોએ તરખાટ મચાવતાં સોના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૩,૨૪,૦૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો અંધારાનો લાભ લઈ નાસી જતાં પંથકમાં તસ્કરોના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગત તા.૧૭મી મેના રોજ સાંજના ચારથી પાંચ વાગ્યાના આસપાસ લીમડી નગરમાં ખેમસરા બજાર જૈન મંદિરની સામે રહેતાં શ્રેયાંશકમાર પ્રકાશચંદ્ર જૈનના બંધ મકાનને અજાણ્યા ચોર ઈસમો નિશાન બનાવ્યું હતું અને મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી મકાનમાં તસ્કરોએ પ્રવેશ કરી ઘરમાં મુકી રાખેલ સોના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૩,૨૪,૦૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમોએ વિસ્તારમાં રહેતાં જસુમતિબેન હિમતસીંહ રાજપુતના બંધ મકાનનું પણ તોળુ તોડી અંદર પ્રવેશ કરી ચોરી કરી હતી.

આ સંબંધે શ્રેયાંશકુમાર પ્રકાશચંદ્ર જૈન દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવગઢ બારીયા ખાતે સિક્યુરિટી ગાર્ડ સહિતની નોકરીઓ માટે ભરતી કેમ્પ યોજાયો



દાહોદ,

દાહોદ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં સુરક્ષા જવાન (સિક્યુરિટી ગાર્ડ), સુરક્ષા સુપરવાઈઝર અને સુરક્ષા અધિકારીની ભરતી કરાશે. જે અંતર્ગત દેવગઢ બારીયા તાલુકા પંચાયત ખાતે ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના તાલીમ વર્ગ યોજાયો હતો. જયાં ૧૯ જેટલા યુવાનોને સિક્યુરિટી ગાર્ડ તેમજ ૩ યુવાનોને ઓફિસર તરીકે પસંદગી કરાઈ છે. ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્ટ સર્વિસ ઈન્ડિયા લી. ના સહયોગથી આ ભરતીનું આયોજન કરાયું છે.

હવે ધાનપુર ખાતે તા. ૨૦, લીમખેડા ખાતે તા. ૨૧, સંજેલી ખાતે તા. ૨૨, ઝાલોદ ખાતે તા. ૨૩, સીંગવડ ખાતે તા. ૨૪, દાહોદ ખાતે તા. ૨૫, ફતેપુરા તા. ૨૬, મે ના રોજ તાલુકા પંચાયત ખાતે આ કેમ્પનું આયોજન કરાયું છે. આ અંગે વધુ માહિતી માટે આ નંબર પર સંપર્ક કરી શકાશે ૮૮૭૫૨૧૦૩૯૧.

# દાહોદના પુંસરી નદીના પુલ પર બાઈક ચાલકને કાર ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક ફંગોળાઈ ને નદીમાં પડવાથી મોત નિપજ્યું

દાહોદ,

દાહોદના પુંસરી નજીક પણ અકસ્માતોની વણઝાર રોકાવાનું નામ લેતી નથી. ત્યારે ગઈ કાલે અમદાવાદથી ઈન્દોર તરફ જઈ રહેલી લક્ઝરી બસે અકસ્માતે પલ્ટી મારતા અંદર સવાર કેટલાક પેસેન્જરોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી, પરંતુ કોઈ જનહાની બનવા નહોતી પામી. ત્યારે આજે ફરી વહેલી સવારે કાર ચાલક અને બાઈક ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ચાલક ફંગોળાઈ જતા તેનું મોત નીપજ્યું હતું. ત્યારે બાઈકનો ખુરદો બોલાઈ ગયો હતો અને કાર પણ નદીના પુલની રેલિંગ સાથે આગળનો ભાગ ભરાઈ જતા કાર ચાલકને પણ ઈજાઓ પહોંચતા તેને પણ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલતો મરણ જનાર બાઈક ચાલક ક્યા ગામનો છે અને ક્યાંથી ક્યા જઈ રહ્યો હતો તેની તપાસ પોલીસ કરી રહી છે. ત્યારે આ અકસ્માતને પગલે આજુબાજુના લોકો ત્યાં દોડી આવ્યા હતા અને ૧૦૮ તેમજ પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

# ઝાલોદના ખેડા ગામે ટ્રેક્ટર ચાલકે બાઈકને અડફેટમાં લેતા દંપતિ પૈકી પતિનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ખેડા ગામે એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલ પર સવાર દંપતિને અડફેટમાં લેતાં એકનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ગત તા.૧૧મી મેના રોજ હવસીંગભાઈ તેરસીંગભાઈ સંગાડા અને તેમની સાથે તેમની પત્નિ અસનાબેન (બંન્ને રહે. હીરોલા, નિશાળ ફળિયા, તા.સંજેલી, દાહોદ) ના પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ખેડા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. ત્યારે એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી હવસીંગભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં હવસીંગભાઈ અને તેમની પત્નિ અસનાબેન બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે હવસીંગભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે અસનાબેન હવસીંગભાઈ સંગાડાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ઝાયડસ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં નવીન ICCU કેરનું લોકાર્પણ



દાહોદ,

દાહોદ જિલ્લાના દાહોદ શહેરમાં ઝાયડસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આજ રોજ ICCU કેર યુનિટ આજરોજ CEO ડો.સંજય કુમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. ICCU કેરમાં લાઈફ સેવીંગ આધુનિક સાધનો દ્વારા સજ્જકરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં ૧૨ બેડનું ICU હતું. જેમાં ૬ બેડ ICU તથા ૬ બેડ ICCU ના હતા. પહેલા ૧૫ તેની જગ્યાએ ૨૪ બેડ કરવામાં આવ્યા છે. આ યુનિટમાં પ્રકારના સાધની સુવિધા દર્દીઓ વેન્ટિલેટર, મલ્ટીપેરા મોનીટર, ઈંક્યુંબેટર, સિરીંજ પંમ્પ, નેબ્યુલાઈજરની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દાહોદ તથા આજુબાજુની જનતાને ઝાયડસ કોલેજ એન્ડ હોસ્પિટલના CEO દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે કે, જેમની પાસે PMJY કાર્ડ હોય તેઓએ અચૂક આ કાર્ડ લઈને આવવું તેથી કરીને હોસ્પિટલ આપને વધુ સારી સુવિધાઓ પુરી પાડી શકે અને દાહોદની જનતાને કોઈ પણ જાતની બીમારી માટે બહારગામ જવાની જરૂર ના પડે આ કાર્યક્રમમાં zydus મેડિકલ કોલેજ હોસ્પિટલના સી.ઈ.ઓ સંજય કુમાર, ડો. હઠીલા, ડો.સુનિતા સંજયકુમાર, ડોક્ટર મોહિત દેસાઈ પ્રકાશ પટેલ, વિશાલ પટેલ તથા ડોક્ટર્સ તથા મેડિકલ સ્ટાફ ઉપસ્થિતિ રહ્યો હતો.

# સીંગવડના છાપરવડ ગામે લગ્નના વરઘોડામાં ફટાકડા ફોડવા મામલે પથ્થર મારો થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના છાપરવડ ગામે લગ્ન પ્રસંગના વરઘોડામાં ફટાકડા ફોડવા બાબતે થયેલ ઝઘડા તકરારમાં ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈએક મહિલા સહિત બે જણાને લાકડી વડે, પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૧૫મી મેના રોજ સીંગવડ તાલુકાના છાપરવડ ગામે હોળી ફળિયામાં રહેતાં લક્ષ્મણભાઈ અભેસીંગભાઈ, હીરાભાઈ કડવાભાઈ, વિજયભાઈ જગદીશભાઈ અને કલ્પેશભાઈ હીરાભાઈ ચારેય જાતે પટેલનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી ગામમાં રહેતાં કાર્તિકભાઈ મનહરભાઈ પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું અમોને વરઘોડામાં ફટાકડા ફોડવાની ના કેમ પાડે છે, અમો ફટાકડા ફોડીશુ, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને મનહરભાઈ અને તેમની સાથે સોનલબેનને લાકડી વડે, પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે છાપરવડ ગામે હોળી ફળિયામાં રહેતાં ભારતભાઈ રવાભાઈ પટેલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોદી ૨૬ મેના રોજ તેલંગાણા અને તમિલનાડુની મુલાકાત લેશે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના બીજા કાર્યકાળની ત્રીજી વર્ષગાંઠે ૨૬ મેના રોજ દક્ષિણ ભારતના બે મુખ્ય રાજ્યો તેલંગાણા અને તમિલનાડુની મુલાકાત લેશે. પીએમ પહેલા હૈદરાબાદ જશે. વડાપ્રધાન મોદી બપોરે ૨ વાગ્યે ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ એન્યુઅલ ડેમાં હાજરી આપશે. છેલ્લા ત્રણ મહિનામાં વડાપ્રધાનની તેલંગાણાની આ બીજી મુલાકાત હશે. આ પહેલા ફેબ્રુઆરીમાં તેઓ સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટીનું ઉદ્‌ઘાટન કરવા ગયા હતા. આ પછી પીએમ મોદી ચેન્નાઈ જશે અને ત્યાં સાંજે ૫:૪૫ વાગ્યે નહેરુ ઈન્ડોર સ્ટેડિયમમાં તેઓ ઘણી પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે અને મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ પાર્કના શિલાન્યાસ સહિત અનેક પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા "એડ્સ દિને" જાગૃકતા કાર્યક્રમ યોજાયો

દાહોદ,

દાહોદના ચાકલિયા રોડનાં પણદા ફળિયા ખાતે આવેલ સાધના કલીનિક પાસે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદ દ્વારા એડ્સ ની જાણકારી પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી એ ઉપસ્થિત લોકો ને આપી હતી. સામાજિક સેવાકિય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ રતનસિંહ બામણીયા એ બાળકો ને પ્રેરણારૂપ વક્તવ્ય આપી. શિક્ષણ માં આગળ વધો, સ્વાસ્થ્ય જાળવવાની શીખ આપી હતી. કાર્યક્રમની વ્યવસ્થા પિન્ટુ દિવાકરે કરી હતી. કાર્યક્રમમાં બાળકો, મહિલાઓ અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.227

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકાના પીંગળી ગામે ગૌચર જમીન માંથી

# દિલ્હી-મુંબઈ હાઈવેના પુરણ માટે થતાં માટી ખનનને રોકવા જીલ્લા કલેકટરને રજુઆત

### ગૌચર જમીન માંથી સ્થાનિક પંચાયતના હોદ્દેદારોએ માટી ખનનની મંજુરી આપી હોવાની રજુઆત





**કાલોલ તાલુકાના પીંગળી ગામે સર્વે નંબર ૧૩૭૮ થી ૧૩૮૦ વાળી જમીનમાંથી દિલ્હી-મુંબઈ કોરીડોર રોડ માટે માટી ખોદકામ કરવામાં આવી રહ્યું છે. એક તરફ રાજ્ય સરકાર ગૌચર જમીનોની જાળવણી માટે અને તેની ઉપરના દબાણો ખુલ્લા કરવા માટે સુચનો કરવામાં આવતાં હોય છે. ત્યારે પીંગળી પંચમહાલના હોદ્દેદારો દ્વારા ગૌચરની સમતલ જમીનમાંથી માટી ખોદકામ માટે મંજુરી આપવામાં આવી હોવાના આક્ષેપ સાથે રજુઆત કરાઈ છે.**

કાલોલ, કાલોલ તાલુકાના પીંગળી ગ્રામ પંચાયતની ગૌચર જમીન માંથી મુંબઈ-દિલ્હી નેશનલ કોરીડોર રોડના પુરણ માટે માટી ખોદકામ માટે સ્થાનિક હોદ્દેદારો દ્વારા મંજુરી આપવામાં આવી છે. જે જમીન ગૌચર માટે ફળવાયેલ છે. તેવી સમતલ જમીન ચાલતા માટી ખનનને તાત્કાલીક બંધ કરાવવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

કાલોલ તાલુકાના પીંગળી ગ્રામ પંચાયત ગૌચર જમીન જે ગાયો અને ભેંસોને ચરવા માટે સરકાર દ્વારા નીમ થયેલ હોય આવી સમતલ જમીન માંથી મુંબઈ-દિલ્હી નેશનલ કોરીડોર રોડમાં પુરણ કરવા માટે માટીનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે અને ગૌચર જમીન માંથી રોડ બનાવવાની પ્રાઈવેટ કંપનીને ખોદકામ માટે સ્થાનિક પંચાયતના હોદ્દેદારો દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા ગૌચર જમીનો ખુલ્લી કરીને બચાવવા માટે આદેશ કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ પીંગળી ગ્રામ પંચાયતના હોદ્દેદારો દ્વારા ગૌચર જમીન માંથી માટી ખનન કરવામાં આવી રહ્યું છે. જાગૃત નાગરિકને જાણવા મળ્યું હતું કે, સુજલામ સુફલામ યોજના અંતર્ગત માટીનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે પરંતુ સુજલામ સુફલામ યોજનામાં તળાવો ઉંડા કરવામાં આવતા હોય છે. પરંતુ પીંગળી ગ્રામ પંચાયત વિસ્તારમાં સમતલ ગૌચરની જમીન માંથી માટી ખનન કરવામાં આવી રહ્યું છે. આ બાબતે જાગૃત નાગરિક દ્વારા પંચમહાલ કલેકટરને લેખિતમાં રજુઆત કરીને પીંગળી ગામે ગૌચર જમીન માંથી થતા માટી ખનનને તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે સાથે મુંબઈ-દિલ્હી નેશનલ કોરીડોરના ખાનગી કોન્ટ્રાકટર દ્વારા ગૌચર જમીન માંથી માટીનું ખનન કરવામાં આવ્યું છે. તેનું પુરણ કરીને ગૌચર જમીનને સમતલ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

## ડાકોર થી વૈષ્ણોદેવીની જાન્યુઆરીમાં યોજાયેલી ટુરમાં

# બે ઈસમો દ્વારા મહિલા સાથે અભદ્ર વર્તન કરનાર સેવાલીયા પોલીસ મથકના કર્મચારી વિરૂદ્ધ ગોધરા રેલ્વે પોલીસ મથકે ફરિયાદ

ગોધરા, ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે થી ૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ખેડાના ડાકોર ગામાની મહિલા સહિતના ચાલીસ જેટલા વ્યકિતઓની ટુર વૈષ્ણોદેવી – હરીદ્વાર ખાતે દર્શન માટે જવાનું હોવાથી ટ્રેનની રાહ જોતા પ્લેટફોર્મ ૨ ટ્રેન આવતાં ટ્રેનમાં બેઠેલા હતા. ત્યાં બે ઈસમો દ્વારા મહિલાને બિભત્સ ઈશારા કરી પરેશાન કરતા હોય આ ટુર માંથી પરત આવી ટુર આયોજક પાસે બન્ને ઈસમો અંગે માહિતી મેળવતા બન્ને ઈસમો સેવાલીયા પોલીસ મથકમાં ફરજ હોય આ બાબતે ગોધરા રેલ્વે પોલસી મથકે બન્ને ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડા જીલ્લાના ડાકોર-ઠાસરા વિસ્તાર માંથી વૈષ્ણોદેવી-હરીદ્વાર ખાતે દર્શન કરવા માટે ટુરનું આયોજન જીતુભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વૈષ્ણોદેવી-હરીદ્વાર ટુરમાં ડાકોરના મહિલા પણ જોડાયા હતા. તા.૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ટ્રેનમાં બેસવા માટે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે આવ્યા હતા અને ટ્રેનની રાહ દેખતા પ્લેટ ફોર્મ નં.૧ ઉપર બેઠા હતા અને ટ્રેન પ્લેટ ફોર્મ-૨ ઉપર આવતાં ટ્રેનમાં બેસી ગયા હતા. ત્યારે ટુરમાં જોડાયેલા બે ઈસમો દ્વારા મહિલાને અભદ્ર ઈશારાઓ કરી ગંદી કમેન્ટ કરીને ટુર દરમિયાન પરેશાન કરવામાં આવ્યા હતા. ટુર આયોજકને આ બાબતે જાણકારી આપતા બન્ને ઈસમો સાથે બોલાચાલી થઈ હતી. તેમ છતાં બન્ને ઈસમોએ માફી માંગી ન હતી. પ્રવાસ માંથી ઘરે આવ્યા બાદ થયેલ ઘટના અંગે મહિલાએ પોતાના ભાઈને સમગ્ર ઘટના ક્રમ અંગે જાણકારી આપી હતી. જેથી ટુરના આયોજકને મળીને બન્ને ઈસમો અંગે તપાસ કરતાં બન્ને ઈસમો વિજયભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા અને ધીમંતસિંહ બળવંતસિંહ વાઘેલા સેવાલીયા પોલીસ મથકમાં ફરજ બજાવતા હોય અ બન્ને ઈસમો દ્વારા યાત્રા દરમિયાન મહિલાને પરેશાન કરવા આવતાં આ બાબતે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલ લીમડી ફળીયા પાસે ભુર્ગભ ગટર લાઈનમાં ટ્રેકટરનું ટાયર ફસાતા પરેશાન



હાલોલ, હાલોલ નગરના તમામ મુખ્ય રોડ રસ્તાઓ ભૂગર્ભ ગટર યોજનાની ગોકળ ગતિએ ચાલતી બે વર્ષથી કામગીરી અંતર્ગત ખોદી નાખી પાઈપલાઈનની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા લાપરવાહી દાખવી જે તે સ્થિતિમાં અધુરા પૂરાન કરીને છોડી દેવામાં આવતા રોજેરોજ નગરના વિવિધ વિસ્તારોમાં આવા ખોદેલા ખાડામાં વાહનો ફસાઈ ભારે નુકશાની ભોગવી રહ્યા છે. જેમાં હાલોલ નગરના લીમડી ફળિયા ખાતે વધુ એક ઈંટો ભરેલ ટ્રેક્ટર ભૂગર્ભ ગટર યોજનાના ખાડામાં ફસાતા ટેકટરના ટાયરો ખાડામા ઉતરી જતા ભારે કલાકોની જહેમત બાદ ટ્રેકટરને બહાર કાઢવામાં આવ્યું હતું. જેમાં ટ્રેકટર ચાલક અને નગરજનોએ કોન્ટ્રાકટર અને વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો હતો.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે રહેતા લાલિયાભાઈ રાઠવાનો ધોળીયો બળદ ચરવા ગયો હતો. જ્યાં ખાવામાં શંકાસ્પદ ઘાસચારો ખાવામાં આવી જતા બળદ માંદો પડી ગયો હતો અને રસ્તા ઉપર નીચે પડયો હતો. લાલિયાભાઈ રાઠવાએ બળદને બચાવવા માટેના પ્રયાસો હાથ ધર્યા હતા. પરંતુ બળદ મૃત્યુ પામ્યો હતો. બળદનું આકસ્મિક મોત તથા ગરીબ આદિવાસી ઉપર આભ તૂટી પડયું હતું. ચોમાસાના આગમનના ટાણે ખેતરની સાફ-સફાઈ તથા ખેડવાનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. ત્યારે બળદના મોતથી ગરીબ પરિવારમાં માતમ છવાયો હતો.

# ગોધરાના કાંકણપુર-ઓડીદ્રા રોડ ઉપર બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ૨૫ વર્ષીય યુવાનનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના કાંકણપુર થી ઓડીદ્રા જવાના રોડ ઉપર બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં ૨૫ વર્ષીય યુવાનની બાઈકને ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંકણપુર થી ઓડીદ્રા જવાના રોડ ઉપર બાઈક નં.જીજે.૧૭. સીબી. ૮૨૫૦ના ચાલકે પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી મહેન્દ્રભાઈ અરજનભાઈ પરમાર ઉ.વ. ૨૫ની બાઈક નં. જીજે. ૧૭. સીબી. ૫૪૬૮ને ટકકર મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જિલ્લામાં ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના કામોનું નિરીક્ષણ કરતા જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ



ગોધરા, પંચમહાલ જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. મંત્રીએ ગોધરા તાલુકાના ઈસરોડીયા ગામે સ્વચ્છ ભારત મિશન(ગ્રમીણ) અંતર્ગત ગોબરધન યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

મંત્રી અર્જુનસિંહ ચૌહાણે લાભાર્થીઓને સંવાદ કરતા જણાવ્યું હતુ કે સ્વચ્છ ભારત મિશન(ગ્રમીણ) અંતર્ગત ગોબરધન યોજના થકી આપણે પર્યાવરણનું જતન કરી શકીએ છીએ આ યોજનામાં લાભાર્થીઓએ ગોબર ગેસ પ્લાન્ટ બનાવવા માટે સરકાર દ્રારા રૂા.૨૫,૦૦૦/- આપવામાં આવે છે.જ્યારે લાભાર્થીએ રૂા.૫૦૦૦/- નો ફાળો આપવાનો હોય છે. જેના થકી ગોબર ગેસ પ્લાન્ટનું નિર્માણ થાય છે. તેમાથી ગોબર ગેસ મળે છે તેમજ સ્લરી મળે છે. જેના વેચાણ થકી આર્થિક ઉપાર્જન થાય છે. ખેતીમાં ઉપયોગ કરવાથી ખેતીની આવકમાં વધારો થાય છે. આમ આ ગોબરધન યોજના થકી ગ્રામીણ વિસ્તારમાં ઘણા ફાયદા થાય છે. જેનો લાભ લેવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. ગોધરા તાલુકામાં ચાર ગામોની પસંદગી થઈ છે. જેમા ઈસરોડીયા ગામે જે લાભાર્થી પસંદગી થઈ છે તેમને શુભેચ્છા પાઠવી હતી.

મંત્રીએ કાલોલ તાલુકાના કાલંતરા ગામે મનરેગા હેઠળ હાથ ધરાયેલ કામોનું નિરીક્ષણ કરી આ યોજના હેઠળ કામ કરતાં શ્રમિકો સાથે સંવાદ સાધ્યો હતો. ત્યારબાદ મલાવ ગામે મનરેગા હેઠળ તૈયાર થયેલ અમૃત લાયબ્રેરી મુલાકાત લઈ આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે તૈયાર થનાર અમૃત સરોવરનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ અલવા ગામે સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૨૦૨૨ અંતર્ગત હાથ ધરાયેલ કામગીરીનું નિરીક્ષણ કરી મંત્રીની મુલાકાતમાં સાથે જોડાયેલ જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિહ રાઠોડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તબીયાર તેમજ સંબધિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી જરૂરીર ચનાત્મક સુચનો કર્યા હતા. થયેલ કામગીરી સંતોષ વ્યકત કર્યો હતો.

મંત્રીની જિલ્લાની મુલાકાત વેળાએ ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત મહાનુભાવો તેમજ ગામોના સરપંચઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આવકાર સખી મં.લી.
મુ. મલેકપુર, તા.લીમખેડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભરતભાઈ જશભાઈ પટેલ
મુ. નવાવાડીયા, તા.લીમખેડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

યુનુસભાઈ અલીહુસેન
મુ. પાટવણ, તા.લીમખેડા, જી. દાહોદ